# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1. વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ આજથી ભારતની ચાર દિવસની મુલાકાતે - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે
2. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડીકે શિવાકુમાર આજે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય આદિજાતિ વિકાસ પરિષદનું ઉદ્ઘાટન કરશે
4. જર્મની થઈને હવાઈ મુસાફરી કરતા ભારતીય નાગરિકો માટે ટ્રાન્ઝિટ વિઝાની જરૂરિયાત આજથી નાબૂદ કરાઇ – ભારતે નિર્ણયનું સ્વાગત કર્યું
5. મહિલા ક્રિકેટમાં યજમાન ઇંગ્લેન્ડે ત્રીજી T20 મેચમાં ભારતને છ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણી 2-1થી જીતી

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VENEZUELA PREZ VISIT

વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ આજથી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે.

મુલાકાત દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને વેપાર, રોકાણ, ઉર્જા, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય જાહેર ક્ષેત્રની કંપનીઓએ વેનેઝુએલાના ઉર્જા ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે. આ મુલાકાત ભારત અને વેનેઝુએલા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# KARNATAKA CM DK SHIVAKUMAR

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડીકે શિવાકુમાર આજે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત સાંજે ચાર વાગ્યે બેંગલુરુના લોકભવનમાં શિવાકુમાર અને નવા મંત્રીમંડળના સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે. શ્રી સિદ્ધારમૈયાએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા બાદ શિવાકુમારને મુખ્યમંત્રી બનાવાયા છે,

કર્ણાટક કોંગ્રેસમાં લાંબા સમયથી સત્તાના સંઘર્ષ જોવા મળી રહ્યો હતો. જેમાં શિવાકુમારને 2023ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની જીત બાદથી ટોચના પદના દાવેદાર તરીકે લાંબા સમયથી જોવામાં આવી રહ્યા હતા.

દરમિયાન કોંગ્રેસે કર્ણાટકના વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયાને કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)માં નિયુક્ત કર્યા છે. આ નિમણૂકને પાર્ટી નેતૃત્વ દ્વારા એક મહત્વપૂર્ણ સંગઠનાત્મક નિર્ણય તરીકે જોવામાં આવી રહી છે કારણ કે તે એક મહત્વપૂર્ણ રાજકીય સંક્રમણ દરમિયાન તેના કર્ણાટક એકમમાં સ્થિરતા અને સંકલન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે.

# GUJARAT-ACCIDENT CONDOLENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગુજરાતના સુરતમાં થયેલા અકસ્માતમાં થયેલઈ જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. સુરતના બારડોલી શહેર નજીક મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહનની બે બસો અથડાતા આઠ લોકોના મોત થયા હતા અને 15 થી વધુ ઇજાગ્રસ્ત થયા હતા.

રાષ્ટ્રપતિ મુર્મુએ મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને શોકગ્રસ્ત પરિવારોને શક્તિ અને હિંમત માટે પ્રાર્થના કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ પણ મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

# SC DAUGHTERS

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે પરિણીત દીકરીઓને કરુણાપૂર્ણ નિમણૂકો નકારી શકાય નહીં. અદાલતે જણાવ્યું કે પરિણીત દીકરીઓને પરિવારની વ્યાખ્યામાંથી બાકાત રાખવીએ સ્પષ્ટપણે મનસ્વી, ગેરવાજબી અને બંધારણીય રીતે અયોગ્ય છે.

ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે અલ્હાબાદ વડી અદાલતના આદેશને રદ કરતા આ અવલોકન કર્યું હતું. વડી અદાલતે જણાવ્યું હતું કે પરિણીત દીકરીને કરુણાપૂર્ણ નિમણૂકના હેતુ માટે પરિવારની વ્યાખ્યામાં શામેલ નથી.

કરુણાપૂર્ણ નિમણૂકમાં જો કોઈ કર્મચારી સેવા દરમિયાન મૃત્યુ પામે છે અથવા તબીબી કારણોસર અકાળે નિવૃત્ત થાય છે, તો સરકાર પરિવારના સભ્યને રોજગાર આપે છે.

સર્વોચ્ચ અદાલતે એક મૃતક ઉદ્યોગપતિની પરિણીત પુત્રી દ્વારા દાખલ કરાયેલી અપીલની સુનાવણી કરી રહી હતી. તેણીએ કરુણાપૂર્ણ ધોરણે વાજબી ભાવની દુકાનના વેપારી તરીકે નિમણૂક માટેના તેના દાવાને ફગાવી દેતા વડી અદાલતના આદેશને પડકાર્યો હતો. મહિલાએ 2019 ના સરકારી આદેશને પડકાર્યો હતો જેમાં પરિણીત દીકરીઓને પરિવારની વ્યાખ્યામાંથી બાકાત રાખવામાં આવી હતી.

# NATIONAL-PANCHAYAT-AWARDS

રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર 2025 સમારોહ આવતીકાલે નવી દિલ્હીમાં યોજાશે. દેશભરની 42 ઉત્કૃષ્ટ પંચાયતોને આ પુરસ્કારો એનાયત કરવામાં આવશે. સમારોહ દરમિયાન, 34 ગ્રામ પંચાયતોને દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સતત વિકાસ પુરસ્કાર શ્રેણી હેઠળ અને આઠ પંચાયતોને નાનાજી દેશમુખ સર્વોત્તમ પંચાયત સતત વિકાસ પુરસ્કાર શ્રેણી હેઠળ પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

# TRIBAL AFFAIRS – CONCLAVE

આદિજાતિ બાબતોનું મંત્રાલય આજે નવી દિલ્હીમાં સંકલિત આદિજાતિ વિકાસ એજન્સીઓ અને પ્રોજેક્ટ્સને મજબૂત બનાવવા અંગે રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરશે.

આ કાર્યક્રમ આદિજાતિ ગૌરવ ઉજવણી 2026 હેઠળ યોજાઈ રહ્યો છે. રાષ્ટ્રપતિ બેંગલુરુના ભારતીય વિજ્ઞાન સંસ્થાનના નેનો વિજ્ઞાન અને એન્જિનિયરિંગ કેન્દ્રનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. તેઓ દેશના વિવિધ ભાગોમાં સ્થિત એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓમાં સ્થાપિત 75 અવકાશ પ્રયોગશાળાઓનું પણ ઉદ્ઘાટન કરશે. આ પરિષદમાં 26 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MORN. INDIA-GERMANY TRANSIT VISA

જર્મની થઈને હવાઈ મુસાફરી કરતા ભારતીય નાગરિકો માટે ટ્રાન્ઝિટ વિઝાની જરૂરિયાત આજથી નાબૂદ કરવામાં આવી છે. ભારતે આ નિર્ણયનું સ્વાગત કર્યું છે.

વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ નવી વ્યવસ્થા ભારત અને જર્મનીના લોકો વચ્ચેના સંપર્ક અને સંબંધોને મજબૂત બનાવશે. આ વર્ષે જાન્યુઆરીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝની ભારત મુલાકાત દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.

# SCINDIA-MISSION SENEHJORI

ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ આસામના મુગા રેશમ માટે "મિશન સ્નેહજોરી" નો આરંભ કર્યો.

આ પહેલનો ઉદ્દેશ્ય આસામના વિશિષ્ટ મુગા રેશમ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને ઉચ્ચ-મૂલ્યવાળા કાપડ ક્ષેત્રમાં વિકસાવવાનો છે. આ મિશન રેશમ ઉત્પાદનથી લઈને વણાટ, પ્રચાર પ્રસાર અને નિકાસ પ્રોત્સાહન સુધીની સમગ્ર પ્રક્રિયાને મજબૂત બનાવશે.

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં ઇંગ્લેન્ડે ગઈકાલે રાત્રે ટાઉન્ટનમાં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને છ વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણી 2-1થી જીતી લીધી. એલિસ કેપ્સીને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો.

# JJM-MOUs

કેન્દ્ર સરકારે જળ જીવન મિશનના બીજા તબક્કા હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં સુરક્ષિત શુધ્ધ  પીવાના પાણીની સપ્લાયને મજબૂત બનાવવા માટે અરુણાચલ પ્રદેશ, ઝારખંડ, તમિલનાડુ, નાગાલેન્ડ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

જળ શક્તિ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પહેલનો ઉદ્દેશ્ય સમુદાયની ભાગીદારી દ્વારા દરેક ગ્રામીણ ઘરને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી પૂરતું પૂરું પાડવાનો છે. જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે જળ જીવન મિશન ગ્રામીણ પીવાના પાણીની વ્યવસ્થામાં મોટો ફેરફાર લાવ્યું છે. ખાસ કરીને મહિલાઓ અને છોકરીઓને પાણી મેળવવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળી છે. તેમણે જળ સંરક્ષણ અને વરસાદી પાણીના સંગ્રહ પર પણ ભાર મૂક્યો હતો.